# છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ

ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર બાગ, પાર્લેશ્વર રોડ,
વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૫૭.
Email: chhagampatidar@gmail.com • Website : www.chhagampatidarsamaj.org



## વાર્ષિક સામાન્ય સભા

તા.૨૨-૧૨-૨૦૨૦

માનનીય સભ્ય,

સમાજના ઉપક્રમે વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૧-૨૦૨૧ રવિવારના રોજ નીચેના સ્થળે યોજવામાં આવેલ છે તો આપ ઉપસ્થિત રહેવા આગ્રહભર્યું આમંત્રણ છે.

**સ્થળ : આઈ. બી. પટેલ સ્કુલ, ૨૨૦, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૪.**

**૧) વાર્ષિક સામાન્ય સભા : સવારે ૧૧.૦૦ કલાકે**

**એજન્ડા:** ૧. ગઈ વાર્ષિક સામાન્ય સભાની મીનીટ મંજુર કરવા.
૨. વાર્ષિક અહેવાલ તથા ૨૦૧૯-૨૦ નાં હિસાબ મંજુર કરવા.
૩. ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે ઓડીટરની નિમણૂંક કરવા.
૪. પ્રમુખશ્રીની રજાથી અન્ય કામકાજ રજૂ થાય તે.

ઉપરોક્ત વાર્ષિક સામાન્ય સભા કોરમના અભાવે મુલતવી રાખવી પડે તો સભા તેજ સ્થળે તેજ દિવસે કામકાજ માટે ૩૦ મીનીટ પછી મળશે. **નોંધ :** હિસાબી માહીતી મેળવવા ઈચ્છુક સભ્યોએ ૧૮-૧-૨૦૨૧ સુધીમાં લેખિત અરજી કાર્યાલયના સરનામે પહોચાડવાની રહેશે. મૌખીક બાબતોને માન્યતા નથી.

**ગત વાર્ષિક સામાન્ય સભા તથા સ્નેહ સંમેલન :** છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ નું સ્નેહ સંમેલન અને વર્ષ ૨૦૧૮-૨૦૧૯ ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૧૭-૧૧-૨૦૧૯ ના રોજ આઈ. બી પટેલ સ્કુલ, જવાહર નગર, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૪ ખાતે યોજવામાં આવી હતી.

તેજસ્વી વિધાર્થી-વિધાર્થીનીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતાં. ગત વાર્ષિક સભાનો અહેવાલ ૨૦૧૮-૨૦૧૯ ના હિસાબ મંજૂર કરવામાં આવ્યો. ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષ માટે ઓડીટર તરીકે મે. અરવિંદ રમણ અને વિજય કું. ની નિમણુંક સર્વાનું મતે કરવામાં આવી હતી.

તા. ૧૨-૧-૨૦૨૦ ના રોજ **મનોરંજન પ્રોગ્રામ સંગીત સંધ્યા** સાંજે ૫.૦૦ કલાકે, આરતી શેઠ પ્રસ્તુત આ કાર્યક્રમ સમાજ તરફથી રાખવામાં આવ્યો હતો. સર્વેનો આભાર માન્યા બાદ આપણા સમાજ તરફથી રાખવામાં આવેલું સ્વરુચી ભોજન લઈ કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

**કોમ્પ્યુટર ક્લાસ :** માર્ચ મહિના પછી રાહત દરે દરેક સભ્ય તથા સભ્ય પરિવાર માટે કોમ્પ્યુટર ક્લાસ દર વર્ષે રાખવામાં આવે છે.

રવિવાર, તા. ૨૧-૪-૨૦૧૯ ના રોજ **કેન્સર ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પ** રાખવામાં આવ્યો હતો. **સ્વ. જ્યોતીબેન વિનોદભાઈ અમીન**ના સ્મરણાર્થે હસ્તે વિનોદભાઈ આર. અમીન ભૂતપૂર્વ પ્રમુખ (છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ) ગામ વસો, હાલ મુંબઈ.

તા. ૧૩-૧૦-૨૦૧૯ ના રોજ **શરદ પૂનમ** રાસગરબા સાથે વિજેતા સભ્યોને ઈનામ આપવામાં આવ્યું હતું.

**રાહત દરે નોટબુક વિતરણ :** રાહતના દરે નોટબુકનું વિતરણ સમાજ તરફથી દર વર્ષે કરવામાં આવે છે. દર વખતની જેમ આ વખતે શ્રી અમરીષભાઈ, શ્રી મુકેશભાઈ તથા શ્રી ભુપેશભાઈ પટેલ (ડીસાન ગ્રુપ-સોજીત્રા), શ્રી ચંદ્રકાંતભાઈ સી. પટેલ (ભાદરણ), શ્રી શાંતીભાઈ ડી. પટેલ (થેમીસ મેડીકેર-નડીયાદ), હિંદ કેમીકલ્સ (બાબુભાઈ મરઘાભાઈ પટેલ -કરમસદ) અને ભાવેશભાઈ શાંતીલાલ પટેલ (ધર્મજ) તરફથી આર્થીક મદદ કરવામાં આવી છે.

**પિકનીક :** ૧ દિવસની પિકનીકનું આયોજન સમાજ તરફથી રવિવાર, તા. ૧૯-૧-૨૦૨૦ ના રોજ **Wet-n-Joy** ખાતે કરવામાં આવ્યું હતું.

**અગત્યની સૂચના :** આપનું સરનામુ અથવા ફોન નંબર બદલાયા હોય તો જણાવશો. કારણ કે ૧૯૦ સભ્યોના સરનામા બદલાયા છે (શીફ્ટેડ) અને તેઓએ જણાવ્યું નથી. સમાજને આપેલ દાન ઇન્કમટેક્ષની કલમ ૮૦જી માં કરમુક્ત પાત્ર છે. તેનો લાભ દાન આપી મેળવશો.

**લી. છ ગામ પાટીદાર સમાજ, મુંબઈ**

---

**નોંધ :** કોઈ પણ સભ્યએ ડોનેશન આપવું હોય તો RTGS થી પણ બેંકમાં જમા કરાવી શકે છે. તેની વિગત સામે આપેલી છે: ☞

Account Holder : **Chha Gam Patidar Samaj**

| | | |
|---|---|---|
| Bank Name | : **Canara Bank** | **Vijaya Bank** |
| Account Number | : **0121101008779** | **500901010017497** |
| IFSC Code | : **CNRB0000121** | **VIJB0005009** |

એક પળ વાર માટે ગુસ્સો આખી જિંદગીની ઈમારત તોડી નાખે છે.